## જન્મદિને વધામણી



નટવરલાલ મોહનલાલ લેઉવા
મો. ૯૪૨૬૫ ૮૨૬૪૪



ભૂપેન્દ્રભાઈ શાહ
મો. ૯૮૨૪૦ ૩૦૯૨૬



પી એચ ગોહિલ
એડવોકેટ



પ્રાર્થી કમલેશ પ્રજાપતિ



અલય હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬



બી કે મનુભાઈ
મો. ૮૯૮૦૧૦૦૯૧૬

### જી ઈ ક્લબ અને સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે શનિવારે

# પોલીસ જવાનો પ્રતિ નગરના કલાકારો આભાર પ્રગટ કરશે

### ગીત-સંગીત-નૃત્ય-નાટ્યથી સભર મનોરંજક કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પોલીસમાં ફરજરત મહિલા કર્મચારીઓનું સન્માન પણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

વાર, તહેવારે કે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં જનતાની સેવા માટે ખડેપગે તૈનાત રહેતા પોલીસ જવાનો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવા પોલીસ જવાનો અને તેમના પરિવારજનો માટે મનોરંજક કાર્યક્રમ પ્રસ્તુત કરવાનો એક નવતર રસ્તો ગાંધીનગરના કલાકારો અખત્યાર કરી રહ્યા છે.

ગાંધીનગરની રજિસ્ટર્ડ અને કલાકારોની બનેલી સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના સહકારથી આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જી ઈ ક્લબના ડિરેક્ટર કશ્યપ નિમાવતે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે દેશનાં અન્ય રાજ્યોમાં અને શહેરોમાં પોલીસ જવાનો પ્રતિ જનતાની લાગણી વ્યક્ત કરવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે, એવા જ એક કાર્યક્રમનું આયોજન જી ઈ ક્લબ દ્વારા શનિવાર, તા. ૧૪ મે, ૨૦૧૬ના રોજ સવારે ૯ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પ્રથમ જ વખત યોજાઈ રહેલા 'સલામ-૨૦૧૬' નામક આ વિશિષ્ટ કાર્યક્રમમાં જી ઈ ક્લબના કલાકારો દ્વારા પોલીસ જવાનો અને તેમના પરિવારજનો માટે મનોરંજક સ્ટેજ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે, એટલું જ નહીં ગાંધીનગર જિલ્લા પોલીસમાં કાર્યરત ૧૫૦ જેટલાં મહિલા પોલીસ કર્મચારીઓનું સન્માન પણ આ ઉપક્રમે કરવાનું સંસ્થાનું આયોજન છે.

મનોરંજક કાર્યક્રમ તરીકે કલાકારો દ્વારા ગીત, સંગીત, ફિલ્મી-વેસ્ટર્ન ડાન્સ, રાસ, પ્રાર્થના નૃત્ય ઉપરાંત ગુજરાત રાજ્ય એકાંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૪માં ચાર ઍવોર્ડ સાથે પ્રથમ ક્રમે વિજેતા થનાર અને જી ઈ ક્લબના પ્રમુખ કુંતલ નિમાવત સર્જિત નાટક 'જાદુગર'ની પ્રસ્તુતિ કરવામાં આવશે. જિલ્લાના પોલીસ જવાનો અને તેમના પરિવાજનો માટે આ કાર્યક્રમ આરક્ષિત રાખવામાં આવ્યો છે, જે અંગેના પ્રવેશ પાસ માટે સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે, એમ તેમણે આ અંગેની વિગતો આપતાં વધુમાં જણાવ્યું છે.



ગાંધીનગર જિલ્લાના કોબા, રાયસણ, નભોઈ, સુઘડ, અંબાપુર, ભાટ, રાદેસણ, કુડાસણ, પોર જેવાં ગામોનાં ૧૫૦૦થી વધુ બાળકોને પાણી પીવા માટે પાણીની ટાંકી બનાવવા માટે કોબા ગામે કાર્યરત ગાંધીનગર કેળવણી મંડળ સ્કૂલને સાંસદ અરૂણ જેટલી (નાણાંમંત્રી)ની ગ્રાન્ટમાંથી રકમ ફાળવવામાં આવી છે. આ કાર્યનું ખાતમુહૂર્ત યોગેશભાઈ નાયી, દશરથભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, ચિમનભાઈ પટેલ, ગાંડાભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ તથા સ્કૂલના આચાર્ય વિષ્ણુભાઈ અને ચેતનભાઈની ઉપસ્થિતિમાં યોજાયું હતું. આ પ્રસંગે આસપાસનાં ગામોનાં રહીશો ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે સાંસદ અરૂણ જેટલી પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## જુસિકા દ્વારા ચકલીઘરનું વિતરણ



જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ૫૦૦ જેટલાં ચકલીઘરનું વિતરણ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં બિનેશ વસાવડા અને નગરસેવક હર્ષાબા ધાધલ જોડાયા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અઝહર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫


**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૧૫, ૩.૦૦, ૯.૪૫
ચુડેલ સ્ટોરી (એ)
૫.૪૫, ૭.૪૫

**સ્ક્રીન-૫**
૧૯૨૦ લંડન
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૭.૦૦
અઝહર
૧૦.૦૦

# ગુણવંત શાહને રવિવારે સાહિત્ય રત્ન ઍવોર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૧૨

વિચારોના વૃંદાવનમાં, જળતો લીલાછમ, કેલીડોસ્કોપ જેવાં શ્રેણીબધ્ધ લલિત નિબંધોથી ગુજરાતના ભાવકોમાં પોતાનું કેન્દ્રસ્થાન જમાવનાર અને ઉપનિષદ અને રામાયણ, મહાભારત જેવા વિચારવારસાને નવી ઢબે આજની પેઢી સમક્ષ રજૂ કરનાર સંસ્કાર પુરુષ ગુણવંત શાહને સાહિત્ય ક્ષેત્રે ગુજરાતનો ઉચ્ચતમ એવો સાહિત્ય રત્ન ઍવોર્ડ અર્પણ કરાશે.



રાજ્યનાં મુખ્યમંત્રીના અધ્યક્ષપદે તા. ૧૬/૦૫/૨૦૧૬ ના રોજ ટાગોર હૉલ ખાતે પૂ. મોરારીબાપુના વરદહસ્તે આ અર્પણ સમારોહ સંપન્ન થશે. તેમાં ૧.૫૧ લાખ રૂપિયાનો પુરસ્કાર રાશિ તથા સન્માન પત્ર અને સરસ્વતીની પ્રતિમા અપાશે. ગુણવંત શાહના ચૂંટેલા ગદ્યખંડોની ચયન પુસ્તિકા નવનીતમનું આ પ્રસંગે વિમોચન પણ કરાશે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીથી પોતાની શૈક્ષણિક, વ્યાવસાયિક કારકીર્દીનો પ્રારંભ કરનાર ગુણવંત શાહે સુરત, મુંબઈ અને મદ્રાસમાં પણ શિક્ષણ સેવા આપી છે. તેઓ મીશીગન યુનિવર્સિટી અને એરીઝોના સ્ટેટ યુનિવર્સિટી ખાતે મુલાકાતી અધ્યાપક તરીકે પણ રહ્યા છે. એશીયન ડેવલપમેન્ટ બેંક - બાંગલાદેશ ખાતે શૈક્ષણિક સલાહકાર તરીકે તેઓ ઈકોનોમિક્સ ઓફ મિડિયા ટેક્નોલોજી, યુનેસ્કોના અભ્યાસ જૂથમાં ઉપપ્રમુખ પણ તેઓ રહી ચૂક્યા છે.

આ બહુમુખી પ્રતિભાને સાહિત્ય ક્ષેત્રે રણજિતરામ સુવર્ણચંદ્રક મળી ચૂક્યો છે. ભારત સરકારે તેઓને પદ્મશ્રીથી સન્માનિત કર્યા છે. તેઓએ બુદ્ધ, મહાવીર કબીર, શ્રી અરવિંદ, વિનોબા, ગાંધીજી જેવા મહાપુરુષોના જીવન દર્શનને નવીન પરિવેશ સાથે રજૂ કર્યું છે. જાત ભણીની જાત્રાના રચયિતા ગુણવંત શાહનો 'શબ્દે શબ્દે સેતુબંધ' હોય છે. તેઓ 'સંભવામિ ક્ષણે ક્ષણે' છે અને સર્વે માટે 'સબકો સન્મતિ દે ભગવાન' કહેતા રહે છે. તેઓના આ પુરસ્કાર સમારોહમાં ઉપસ્થિત રહેવા સર્વે રસિક નાગરિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## પ્રા. જ્યોત્સનાબેન પીએચડી થયાં



સરકારી વિનયન કૉલેજ, સૅક્ટર-૧૫ ખાતે હિન્દી વિષયના આસી. પ્રૉફેસર તરીકે ફરજરત પ્રા. જ્યોત્સનાબેન કાનાભારથી ગોસ્વામી (જ્યોત્સનાબેન હસમુખગીરી ગોસાઈ)ને ગુજરાત યુનિવર્સિટીએ પીએચડીની ઉપાધિ આપી છે. તેમણે 'દયાપ્રકાશ સિન્હા કે નાટક ઔર રંગમંચીયતા : એક અધ્યયન' શોધ નિબંધ ડૉ. બિન્દુ ભટ્ટના માર્ગદર્શનમાં તૈયાર કર્યો હતો જેને માન્ય રાખીને યુનિવર્સિટીએ તેમને આ પદવી એનાયત કરી હતી. કૉલેજ પરિવાર તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## નવા સત્રથી ઉચ્ચતર માધ્યમિક વિભાગની ૧૩૩ સ્કૂલો શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

ઉચ્ચતર માધ્યમિક વિભાગની ૧૩૩ સ્કૂલો નવા સત્રથી શરૂ કરવાની મંજૂરી તંત્ર દ્વારા આપી દેવામાં આવી છે, જેના પગલે રાજ્યના વિવિધ વિસ્તારોમાં આ સ્કૂલો શરૂ કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં ૧૦, અમરેલીમાં ૪, આણંદમાં ૧૩, બનાસકાંઠા ૬, ભાવનગર ૬, છોટા ઉદેપુર ૧, દાહોદ ૩, દેવભૂમિ દ્વારકા ૧, ગાંધીનગર ૫, ગીર સોમનાથ ૩, જામનગર ૩, કચ્છ ૧, ખેડા ૫, મહેસાણા ૧, મહિસાગર ૩, નર્મદા ૪, નવસારી ૫, પંચમહાલ ૧, પાટણ ૩, પોરબંદર ૧, રાજકોટ ૯, સુરત ૨૬, સુરેન્દ્રનગર ૨, વડોદરા ૭, વલસાડ ૭. માધ્યમિકની ૧૪૧ સ્કૂલો ક્યાં શરૂ થશે / અમદાવાદ ગ્રામ્ય ૧, અમદાવાદ શહેર ૧૨, અમરેલી ૩, આણંદ ૧૩, બનાસકાંઠા ૮, ભરૂચ ૨, ભાવનગર ૫, છોટા ઉદેપુર ૨, દોહાદ ૪, દેવભૂમિ દ્વારકા ૨, ગાંધીનગર ૯, ગીર સોમનાથ ૩, જામનગર ૩, જૂનાગઢ ૨, કચ્છ ૫, ખેડા ૫, મહેસાણા ૩, મહિસાગર ૧, મોરબી ૫, નર્મદા ૨, નવસારી ૩, પંચમહાલ ૨, પાટણ ૪, પોરબંદર ૩, રાજકોટ ૮, સુરત ૨૫, સુરેન્દ્રનગર ૧, વડોદરામાં ૪ અને વલસાડમાં બે સ્કૂલો નવા સત્રથી શરૂ કરવામાં આવશે.

## ડીઆરડીઓ સાથે મળીને જીટીયુ દ્વારા ઈ-રક્ષા કેન્દ્ર સ્થાપવાની દરખાસ્ત

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)એ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થાન (ડીઆરડીઓ) સાથે મળીને ઈ-રક્ષા કેન્દ્ર સ્થાપવાની દરખાસ્ત રજૂ કરી છે. આ વિભાગ સાથે મળીને આગામી દિવસોમાં સંયુક્ત રિસર્ચ પ્રોજેક્ટ શરૂ કરવાની રજૂઆત પણ કરવામાં આવી હતી.

ડીઆરડીઓના ચીફ કંટ્રોલરે તાજેતરમાં જીટીયુની મુલાકાત લીધી હતી. આ સમયે જીટીયુના કુલપતિ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સ્માર્ટ સિટીમાં ઓટોમેશનનો ઉપયોગ વધશે તેમા ડેટાબેઝ કેવી રીતે સલામત રાખવો તે બાબત ખૂબ મહત્વની બની રહેશે. વર્ષ ૨૦૨૫માં આવનારા ઈન્ટરનેટ ઓફ થિંગ્સમાં પણ સાયબર સુરક્ષા સૌથી મોટો પડકાર બની રહેશે.

જીટીયુમાં હાલ ત્રણ પ્રકારે રિસર્ચ થાય છે. જીટીયુના ૧૨૩ ફેકલ્ટી મેમ્બર સાયબર સિક્યુરિટી રિસર્ચ સાથે સંકળાયેલા છે. તાજેતરમાં સાયબર ગુનાખોરીમાં નવી મોડસ ઓપરેન્ડી સામે આવી છે, જેમાં કોમ્પ્યુટર કે ફોનનું હેકીંગ કરીને તેનો ડેટાબેઝ મેળવી લેવામાં આવે છે અને પછી એવો મેસેજ આપવામાં આવે છે કે તમારો ડેટા અમારા કબજામાં છે અમુક રકમ ચુકવો નહીતર ડેટાબેઝ અમે અન્યને વેચી દઈશુ. આને રેન્સમવેર કહેવામાં આવે છે. આ મોડેસ ઓપરેન્ડીમાં સીધી નહીં પરંતુ આડકતરી ખંડણી વસુલવામાં આવે છે. જીટીયુ તેમાં રિસર્ચ કરીને આનો ઉકેલ લાવવા પ્રયાસ કરી રહી છે, જેના પરિપ્રેક્ષ્યમાં ઈ-રક્ષા કેન્દ્રની દરખાસ્ત કરવામાં આવી છે.

## રસીદમાં લખેલા વિષય કરતાં અલગ પ્રશ્નપત્ર પૂછાયું હોવાની વિદ્યાર્થીઓની રાવ

ગાંધીનગર, તા. ૧૨

એક્સટર્નલ તરીકે હિન્દી વિષય સાથે બી.એ. સેમેસ્ટર-૨ની પરીક્ષા આપતાં ૩૦૦ વિદ્યાર્થીઓ બુધવારે ભારે દ્વિધામાં મુકાયા હતા કારણ કે આ વિદ્યાથીઓ જે સીલેબસની તૈયારી કરી હતી તેના કરતાં અલગ જ પ્રશ્નપત્ર પુછવામાં આવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાલમાં લેવામાં આવતી બી.એ. સેમેસ્ટર-૨ની પરીક્ષામાં હિન્દી વિષયમાં છ માસ પહેલા કોર્સ બદલાયો હોવા છતાં વિદ્યાર્થીઓને જાણ કરવામાં ન આવતાં બુધવારે વિદ્યાથીઓ જૂના કોર્સની તૈયારી કરીને આવ્યા હતા. પરીક્ષામાં નવા સીલેબસ પ્રમાણેનું પ્રશ્નપત્ર પુછવામાં આવતાં વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ મુદ્દે વિદ્યાર્થીઓએ રજૂઆતો પણ કરી હતી. પરંતુ યુનિવર્સિટી સત્તાધીશોએ કોર્સ બદલાયા હોવાની માહિતી વેબસાઈટ પર મુકી દીધી હોવાનું જણાવીને હાથ ખંખેરી નાંખ્યા હતા. આ કારણે વિદ્યાર્થીઓ પરેશાન થઈ ગયા હતા.

આ અંગે યુનિવર્સિટી સત્તાધીશો કહે છે કે, નવેમ્બરમાં જ હિન્દી વિષયનો સીલેબસ બદલી દેવાયો છે. આ અંગેની જાહેરાત પણ વેબસાઈટ પર કરી દેવામાં આવી હતી. જો કે, વિદ્યાથીઓને કહેવા પ્રમાણે ખરેખર યુનિવર્સિટીએ સીલેબસ બદલ્યો હોય તો પછી તેમને અપાયેલી રસીદમાં જૂના વિષય કેમ લખવામાં આવ્યા હતા? આ અંગે યુનિવર્સિટી સત્તાધીશો કહે છે કદાચ કોઈ ભૂલના કારણે રસીદમાં જૂના વિષયો લખવામાં આવ્યા હશે. જે વિદ્યાર્થીઓ વેબસાઈટ જોઈને તૈયારી કરીને આવ્યા હતા તેમને કોઈ મુશ્કેલી નડી નહોતી. પરંતુ વેબસાઈટ જોયા વિના માત્ર રસીદમાં આપેલા વિષયોને ધ્યાનમાં રાખીને તૈયારી કરી હતી તેઓ પરેશાન થઈ ગયા હતા.

ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રારના જણાવ્યાનુસાર રસીદ પરીક્ષાના બે કે ત્રણ દિવસ પહેલા આપવામાં આવી હતી. પરંતુ વેબસાઈટ પર નવેમ્બર માસથી સીલેબસ બદલવા અંગે સૂચના આપી હતી. જે વિદ્યાર્થીઓએ વેબસાઈટ જોઈ નથી તેઓ પરેશાન થયા છે. અને આવા વિદ્યાર્થીઓ તરફથી યુનિવર્સિટીને ફરિયાદો પણ મળી છે.

# અજન્મા શિશુનું સંસ્કાર ઘડતર

ભારત એટલે ભામાં રત, એટલે કે જે પ્રકાશમાં રત છે એવો દેશ. ભારત ભૂમિ ઋષિઓના જ્ઞાન, દર્શન અને આત્મરત જીવનથી પાવન થયેલી છે. સમગ્ર વિશ્વને પ્રકાશ આપવાનું કાર્ય ભારત દેશ યુગોથી કરતો આવ્યો છે. ભારતમાં પ્રાચીન કાળથી જ જ્ઞાન અને વિજ્ઞાનનો પ્રસાર થતો આવ્યો છે. ભારતના ઋષિઓએ પોતાના જીવનના પ્રત્યક્ષ ઉદાહરણ દ્વારા ભૌતિક જીવન અને અધ્યાત્મનો અદ્‌ભૂત સમન્વય સમાજને આપ્યો છે. ભારતમાં કોઈપણ ક્ષેત્ર - પછી તે જ્ઞાન, વિજ્ઞાનનું હોય કે અધ્યાત્મનું હોય કે પછી સાહિત્ય સર્જન કે કલાનું હોય - દરેકમાં પૂર્ણતાનો આદર્શ રહેતો હતો. તેથી જ પ્રાચીન કાળમાં પ્રત્યેક ક્ષેત્રમાં ભારત મોખરે હતું.

આપણા ઋષુઓએ ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંહિતાની રચના કરી છે. ઉત્તમ અને તેજસ્વી સંતાનો માટે શું કરવું જોઈએ તેની પૂરી વૈજ્ઞાનિક સમજ આપણા ઋષિઓ પાસે હતી. અથર્વવેદના ગર્ભાધાન સુક્તમાં વેદમંત્રો દ્વારા ગર્ભધારણ કરવાની પ્રક્રિયા આપવામાં આવેલી છે, તેમાં ગર્ભના રક્ષણ માટેની પ્રાર્થનાઓ પણ આપવામાં આવી છે.



ભારતીય દર્શનની વિશેષતા એના સોળ સંસ્કારોમાં છે. સંસ્કારો એટલે ગુણસંવર્ધનની પ્રક્રિયા. કોઈપણ વસ્તુ કે વ્યક્તિને નિશ્ચિત કાર્ય માટે યોગ્ય બનાવવા માટે થતી પ્રક્રિયા એટલે સંસ્કાર. આપણાં શાસ્ત્રોમાં સોળ સંસ્કારો વર્ણવેલા છે, જે પૈકી ત્રણ સંસ્કારો તો બાળકના જન્મ પૂર્વેના છે :

**ગર્ભાધાન સંસ્કાર**

ઉત્તમ સંતાન પ્રાપ્ત કરવા માટે વેદમંત્રો અને યજ્ઞો દ્વારા દંપતિનાં તન, મન અને હૃદયનું શુદ્ધીકરણ કરાવીને પછી યોગ્ય મુહૂર્તમાં પ્રાર્થનાના ભાવ સાથે દંપતિ શારીરિક રીતે મળે છે. મહર્ષિ સુશ્રુત આયુર્વેદના ગ્રંથમાં કહે છે, 'વિધિપૂર્વક ગર્ભાધાન સંસ્કાર કરવાથી સુંદર, શક્તિશાળી, તેજસ્વી સંતાન પ્રાપ્ત થાય છે.'

**પુંસવન સંસ્કાર**

પુંસવન સંસ્કાર એ ગર્ભની સ્થિરતા માટે, તેના વિકાસ માટે છે. આ સંસ્કાર જ્યારે સ્ત્રીને જાણ થાય કે તે ગર્ભવતી બની છે, ત્યારે એટલે કે બીજે મહિને કરવામાં આવે છે. ગર્ભના બીજદોષ નિવારણ માટે અને ગર્ભરક્ષણ માટે આ સંસ્કાર આવશ્યક મનાય છે. આ સંસ્કાર વખતે શ્લોક બોલાય છે તેનો અર્થ છે : મારી પત્નીમાં નિર્માણ થવાવાળા બધા ગર્ભના બીજ અને ગર્ભસંબંધી દોષોનું નિવારણ થઈને પૌરૂષેય જ્ઞાનનો ઉદય થવામાં જે કાંઈપણ બાધાઓ આવે છે એ નષ્ટ થાય એ માટે અમે પુંસવન સંસ્કાર કરીએ છીએ.

**સીમંતોનયન સંસ્કાર**

ગર્ભસ્થ શિશુની માનસિક - બૌદ્ધિક શક્તિ વધારવા માટે તથા તેને પ્રસન્ન રાખવા માટે આ સંસ્કાર વિધિ પાંચમે કે સાતમે મહિને કરવામાં આવે છે.

આ સંસ્કારમાં સીમન્ત અને ઉન્નયન એ બે શબ્દો છે. મનુષ્યની ખોપરીનાં પાંચ હાડકાં જ્યાં જોડાય છે તે જોડને સીમન્તને કહે છે. આ પાંચેય જોડમાંથી માથા પર ઠીક વચ્ચે (જ્યાં સ્ત્રીઓ સેંથામાં સિંદૂર પૂરે છે) એક જોડ છે, તે સીમન્ત કહેવાય છે. મનુષ્યના શરીરમાં આ ભાગ સહુથી મહત્ત્વનો ભાગ છે. યોગ, અધ્યાત્મ અને આયુર્વેદ ત્રણેય શાસ્ત્રોએ પણ આ ભાગને રાહુથી મહત્ત્વનો ભાગ ગણાવ્યો છે.

ઉન્નયનનો અર્થ વિકાસ કરવો કે વિકાસ થવો એવો થાય ચે. આથી સીમન્તોન્નયન સંસ્કારને સીમંતનો વિકાસ કરવો એમ કહી શકાય. શરીરના સહુથી મહત્ત્વપૂર્ણ સ્થાન પર કરવામાં આવતા આ સંસ્કારની સગર્ભા સ્ત્રીના મન પર તથા ગર્ભસ્થ શિશુના મન અને બુદ્ધિ પર ઘણી પ્રબળ અસર પડે છે. પાંચમા મહિને બાળકના મનનો વિકાસ થાય છે, એટલે આ સંસ્કાર પાંચમે કે સાતમે મહિને કરવામાં આવે છે.

આ સંસ્કારમાં મંત્રોચ્ચાર અને સંગીતનું વિશેષ મહત્ત્વ છે. બાળકની કર્ણેન્દ્રિય પાંચમા મહિનાથી કાર્ય કરતી થઈ જાય છે, તેથી સંગીત વાદ્યોનાં શ્રવણથી ગર્ભસ્થ શિશુમાં સંગીત-વાદ્ય અને ગાયનની કળા વિકસિત થાય છે, તેના આવેગો સંતુલિત બને છે.

આવા સંસ્કારોને કારણે જ પ્રાચીન ભારત વિદ્વાનો, શૂરવીરો, ભક્તો, દાતાઓ અને શ્રેષ્ઠીઓથી સભર હતું. પરંતુ સમય જતાં આ વિદ્યા વિસરાઈ જતાં ઉત્તમ મનુષ્યોના નિર્માણની પ્રક્રિયા મંદ પડી જતાં સમાજની અવનતિ શરૂ થઈ.

પરંતુ ભારતનો આ પ્રાચીન વારસો હવે ગાંધીનગરમાં કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માધ્યમથી પુનઃજાગૃત થઈ રહ્યો છે. સગર્ભા માતાઓને પ્રશિક્ષણ આપવા માટે સમગ્ર ગુજરાતમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં ૨૩ કેન્દ્રો છે, જે તપોવન સંશોધન કેન્દ્રો તરીકે ઓળખાય છે.

૩૧ હજાર જેટલી મહિલાઓએ અહીં પ્રશિક્ષણ મેળવીને ઉત્તમ સંતતિ પ્રાપ્ત કરી છે. આ કેન્દ્રોનો વ્યાપ ઘણો વિસ્તરશે ને તેજસ્વી સંતાનો દ્વારા તેજસ્વી ભારતનું નિર્માણ થશે.

**- જ્યોતિબહેન થાનકી**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

મે માસનો વિષય છે :

**'મારા ગુરુ ગૌરવશાળી'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે